## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે, ઓલા બેઠા બેઠા વિકાસ કરશે... આપણે હવે એજ ધ્યાન રાખવાનું છે કે આપણો સાવ વિનાશ ન થઇ જાય...!!

# રીટાબેનની આભારદર્શન રેલી

**સવારે પંચદેવ મંદિરે દર્શન કરી રેલીનો પ્રારંભ કર્યો : શહેર ભાજપના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયાં : ઠેર ઠેર હારતોરાં સાથે રીટાબેનનું સ્વાગત કરાયું : ગ્રામ્ય વિસ્તારમાં વધુ સમય લાગતાં રેલીનો રૂટ ટુંકાવવો પડ્યો**





ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના વિજેતા ઉમેદવાર રીટાબેન પટેલે આજે મતવિસ્તારમાં આભાર દર્શન રેલીનું આયોજન કર્યુ હતું. આજે સવારે ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતેના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે દર્શન કરીને રેલીનું પ્રસ્થાન કરાયું હતું. રેલીમાં રીટાબેન પટેલ ખુલ્લી જીપમાં સવાર થયા હતા અને તેમની સાથે મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા વગેરે જોડાયા હતાં. ગાંધીનગર ઉત્તર વિધાનસભાની બેઠકના વિજેતા મહિલા ઉમેદવાર રીટાબેન પટેલે આજે આભાર દર્શન રેલી યોજી હતી જે ગાંધીનગરના શહેર તથા ગ્રામ્ય વિસ્તારોને આવરી લેતી ફરી હતી જેમાં રીટાબેન પટેલે ભાજપ અગ્રણીઓ સાથે ખુલ્લી જીપમાં સવાર થઈને મત વિસ્તારના નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

રેલીમાં ભાજપના પૂર્વ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દાસ, લઘુમતી મોરચાના શહેર પ્રમુખ યુસુફભાઈ શેખ, વર્તમાન અને પૂર્વ નગરસેવકો તથા શહેર ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

રીટાબેન પટેલની આભાર રેલી તબક્કાવાર વિવિધ સેક્ટર અને મતક્ષેત્રમાં સમાવિષ્ટ ગ્રામીણ વિસ્તારમાં વિશાળ રેલી સ્વરૂપે જઈ તેમણે જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને આગામી પાંચ વર્ષમાં ગાંધીનગરની જનતાએ મુકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી, ભાજપ સરકારના માધ્યમથી જનકલ્યાણ અને વિકાસના કાર્યો કરવામાં અગ્રેસર રહેશે તેવી રીટાબેન પટેલે જનતાને બાંહેધરી આપી હતી. ઠેર ઠેર જનતાએ રીટાબેન પટેલને હારતોરા અને પુષ્પ વર્ષા કરી ઉમળકાભેર આવકાર્યા હતા. રેલીના સમગ્ર રૂટ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં જનતાના પ્રતિસાદને કારણે નિયત કરતા વધુ સમય લાગતા બપોર પછી નવા સેક્ટરોના રૂટને ટૂંકાવવો પડ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના કેસો વધી રહ્યા છે અને સિવિલની ઓ.પી.ડી. તેમજ ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.
- ૧૨મીએ યોજાનાર નવા મંત્રીમંડળની શપથવિધિને લઈ તૈયારીઓ હાથ ધરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ૩ માર્ગમાં ગોકુળપુરા ખાતે બમ્પ બનાવવાની માંગ ઉઠી છે.
- જિલ્લામાં ઠંડી વધી રહી છે ત્યારે સવારની શાળાઓનો સમય મોડો કરવાની માંગ વાલીઓ કરી રહ્યા છે.
- રાજ્યની ૧૪મી વિધાનસભાનું વિસર્જન જાહેર કરતું જાહેરનામું આજે જારી કરાયું છે.
- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા ૧૨મી ફેબ્રુ. ૨૩ના રોજ યોજાશે.
- ગાંધીનગર શહેરમાં સતત ચોથા દિવસે તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત ૧૫ દિવસથી કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- સેક્ટરોમાં સફાઈ માટે ફરતી મહિલા કર્મચારીઓ પાસે ટ્રોલી નહિ હોવાથી ઠેર ઠેર કચરાની ઢગલીઓ ખડકાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યાએ ફરી માથું ઉચક્યું છે.
- જિલ્લામાં આજે આદર્શ આચાર સંહિતાનો છેલ્લા દિવસ છે. સોમવારથી કચેરીઓમાં નિયમિત કામગીરી શરૂ થઈ જશે.
- ચૂંટણી સંપન્ન થયા પછી પણ જિલ્લાની કચેરીઓમાં હજુ મુલાકાતીઓ આવતા નથી.

## અસાઈત સાહિત્ય સભા દ્વારા ‘સીધુંને સટ’ને વર્ષ ૨૦૨૧નુ સર્વ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક




ગાંધીનગર તા.૦૮

ત્રિપદા ફાઉન્ડેશન અને અસાઈત સાહિત્ય સભા, ઉંઝા દ્વારા પ્રતિવર્ષ ‘સર્જન – સન્માન પુરસ્કાર’’ એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૦૨૧ના સર્વશ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૧ના સર્જન – સન્માન પારિતોષિકમાં નગરના જાણીતા સર્જક અને ગાંધીનગર સમાચારના કટાર લેખક શ્રી પુલકભાઈ ત્રિવેદીના ‘સીધુંને સટ’ પુસ્તકની નિબંધ સંગ્રહ વિભાગમાં સર્વશ્રેષ્ઠ પુસ્તકના પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરના લેખક ચિંતક અને વક્તા શ્રી પુલકભાઈ ત્રિવેદી રાજ્ય સરકારના માહિતી ખાતામાં વરિષ્ઠ અધિકારી તરીકે સેવાઓ બજાવે છે. તેમણે રાજ્ય સરકારના વિકાસલક્ષી પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. ‘સીધુંને સટ’ પુસ્તક અગાઉ તેમના નિષ્કર્ષ, ટૂંકુ ને ટચ, આસ્વાદ ત્રણ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. નિબંધ વિભાગમાં દ્વિતીય સ્થાન જાણીતા કવિ શ્રી હરદ્વાર ગોસ્વામીના પુસ્તક ‘કલરવ’ને મળ્યું છે. નિર્ણાયક તરીકે જાણીતા સર્જક યશોધર રાવલે સેવાઓ આપી છે. પ્રસ્તુત સર્જન – સન્માન પુરસ્કારના નવલકથા વિભાગમાં દક્ષા દામોદરાના ‘સિધ્ધાર્થ’ નવલકથાને પ્રથમ અને ગાંધીનગરના સર્જક રાઘવજી માધડની નવલકથા ‘હૂકમની રાણી’ને દ્વિતીય સ્થાન મળ્યું છે. ટૂંકી વાર્તા વિભાગમાં પ્રભુદાસ પટેલની ‘દેવ ચકલી’ને પ્રથમ અને ગીરીમા ધારેખાનની ‘લંબચોરસ લાગણી’ને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે. નાટક વિભાગમાં માધવ રામાનુજની ‘જસમા’ને પ્રથમ અને રવિન્દ્ર પારેખના ‘તર્પણ’ને દ્વિતીય સ્થાન મળ્યું છે. કવિતા વિભાગમાં પારુલ ખખ્ખરના ‘કરિયાવરમા કાગળ’ને પ્રથમ અને નિરવ વ્યાસના ‘ખડિયાની આરપાર’ને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે.

# બિલ્ડરને નવ ટકા વ્યાજ સાથે દસ લાખ રૂપિયા ચુકવવા આદેશ




**સંત રોહીદાસ મંદિર સામે દસ ફુટનો ભયજનક ખાડો : છ મહિનાથી આ ખાડો પુરવામાં આવી રહયો નથી : ગંભીર અકસ્માત સર્જાવાની ભીતી**

ગાંધીનગર, તા.૯

સેક્ટર-૬માં સંત રોહીદાસ મંદિરની સામે રોડની બન્ને સાઈડ વચ્ચોવચ દસ ફુટનો ખાડો ખોદવામાં આવ્યો છે જે છ મહિના થયા બાદ પણ કયા કારણોસર ખોદવામાં આવ્યો છે તે કોઈને સમજાતું નથી. એક તરફ સિંગલ પટ્ટીનો રોડ છે જેની બીજી બાજુ ડબલ પટ્ટીનો રોડ છે. જેની વચ્ચે મસમોટો ખાડો દ્રશ્યમાન થઈ રહયો છે. અહીંયા વાહનોની અવરજવર પણ રોજબરોજ વધી રહી છે. ત્યારે રાત્રીના સમયે અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. બાજુમાં ફુટપાથ પર ઝુંપડામાં મજુર કામ કરતાં કારીગરોના નાના બાળકો આ ખાડાઓમાં રમતા રમતા ભુલેચુકે પડી જાય તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે અને ગંભીર ઈજાઓ પણ થઈ શકે છે. શહેરમાં સેક્ટર-૬ ખાતે છ મહિના પહેલા અહીંયા ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગનો વચ્ચેનો ભાગ તથા રોડની બાજુની જગ્યા પર ઉંડા ખાડાઓ કરીને કામગીરી કરવામાં આવી હતી. જયાં વાહનોની અવરજવર પર પણ રોક હતી. ઘણા મહિના સુધી જે-તે કામગીરી થઈ ગયા બાદ ખાડાઓનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યુ નથી તેથી આ બે રોડની વચ્ચે મસમોટો ખાડો પડેલો જોવા મળી રહયો છે. જે તંત્રની મોટી બેદરકારી કહી શકાય. આ ખાડામાં નિર્દોષ અબોલ જીવ પણ પડી શકે છે. આસપાસના રહેવાસીઓ દ્વારા વારંવાર ફરીયાદો કરવામાં આવી છે તેમ છતાં કોઈ જવાબદાર તંત્ર દ્વારા ખાડાનું પુરાણ કરવામાં આવી રહયું નથી. શહેરમાં ઠેરઠેર વિકાસ કાર્યો ચાલી રહયા છે. જેમાં બેદરકારીભર્યા કામો થતાં લોકોમાં કચવાટ અનુભવાઈ રહયો છે. કયાંક ખાડા, કયાંક ગટરોના પાણી ફેલાઈ ગયા છે તો કયાંક સ્વચ્છ પીવાનું પાણી વેડફાઈ રહયું છે. સંત રોહીદાસ મંદિરની સામે રોડની વચ્ચે દસ ફુટનો આ ખાડો પુરવાની ઉગ્ર માંગ થઈ રહી છે અને કયા કારણોસર આ ખાડો પુરવામાં આવી રહયો નથી તેની તપાસ કરવામાં આવે કારણકે છ મહીના જેટલો સમય થઈ ગયો હોવા છતાં આ દસ ફુટનો ખાડો પુરવામાં આવી રહયો નથી કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તો કોણ જવાબદાર રહેશે તેવા પ્રશ્નો ઉઠી રહયા છે.

## મધુર ડેરી દ્વારા પશુપાલકોને દૂધ ખરીદ ભાવમાં વધારો કરાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના તમામ દૂધ ઉત્પાદકો, પશુપાલકોને દૂધ ખરીદ ભાવ રૂા.૮૧૫ કિલો ફેટનોહતો એ વધારી ૧૧મીથી રૂા.૮૫૦ કરવામાં આવ્યો છે. ગુજરાતના તમામ જિલ્લા દૂધ સંઘ દ્વારા પશુપાલકોને ચુકવવામાં આવતાં ભાવ કરતાં મધુર ડેરી ગાંધીનગર દ્વારા તા.૧૧મીથી પશુપાલકોને દુધનો મહત્તમ ભાવ ચુકવવામાં આવશે. જેનાથી પશુપાલકોના કુટુંબના સભ્યોનું સ્ટાન્ડર્ડ ઓફ લીવીંગ અદ્વિતિય રીતે આવશે.

## દહેગામમાં વિજય સરઘસમાં મહિલા સંગઠનને બિરદાવતા બલરાજસિંહ ચૌહાણ




ગાંધીનગર તા.૦૯

વિજેતા ઉમેદવારની જીત પાછળ અને કાર્યકરોની મહેનતનો ફાળો હોય છે, અને જીતેલો ઉમેદવાર વિજયના ઉન્માદમાં જો આ કાર્યકરોના ફાળાને ભૂલી જાય તો બીજી વાત જીતી શકવા સક્ષમ રહેતો નથી. પાર્ટીની સફળતામાં નાનામાં નાના કાર્યકરે આપેલા યોગદાનની કદર કરવી તે ગુણ ભાજપે બરાબર આત્મસાત કર્યો છે જેના કારણે જ ભાજપ શિસ્તબદ્ધ કાર્યકરોની પાર્ટી બની છે અને એક પછી એક સફળતાના શિખરો સર કરતી જાય છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ગાંધીનગર જિલ્લાની પાંચે પાંચ બેઠક પર ભાજપે ભવ્ય અને ઐતિહાસિક જીત હાસલ કરી છે. દહેગામ બેઠક પર ભાજપે એ રિપીટ કરેલા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની જીત બાદ યોજાયેલી વિજય રેલીમાં પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ પણ જોડાયા હતા અને બંનેએ મતદારોનું અભિવાદન ઝીલ્યું હતું. રેલી દરમિયાન બલરાજસિંહ ચૌહાણ દહેગામના મહિલા મોરચાના મહામંત્રી દર્શનબા રાજપૂતને જોઈ જતા તેમને પાસે બોલાવીને પ્રચાર અભિયાન દરમિયાન તેમણે કરેલી કામગીરીને બિરદાવી આભાર માન્યો હતો. આ સમયે દર્શનબા રાજપૂતે પણ બલરાજસિંહ ચૌહાણને ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દહેગામ બેઠક પર ભાજપના પ્રચાર અભિયાન દરમિયાન મહિલા મોરચાના સંગઠનની કામગીરીની ભાજપના પ્રદેશ કક્ષાએ પણ નોંધ લેવાઈ હતી અને વિજય સરઘસમાં જીતેલા ઉમેદવારે આ બાબતનો ખ્યાલ રાખીને મહિલા મોરચાના મહામંત્રીને બિરદાવતા દહેગામ શહેર ભાજપ સંગઠનમાં પણ પ્રસન્નતાનું મોજુ ફરી વળ્યું હતું.

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિલોડા મગોડી પી.આર.ઠક્કર વિદ્યાવિહારમાં વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણ તાલીમનો શુભારંભ



ચિલોડા, તા. ૯

ગાંધીનગર જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી યોજના હેઠળ મહેસાણા જિલ્લા મહિલા ઉત્પાદક અને વિકાસ સંઘ લી. દ્વારા પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડી શાળામાં સ્વરક્ષણ તાલીમ શરૂ કરવામાં આવી. જિલ્લા પોલીસ અને મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ તરીકે ભુપેન્દ્રકુમાર શ્રોત્રિય તથા કોચ તતિષા ઠાકોર તથા શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા તથા સંપૂર્ણ આયોજન સંચાલન શાળાના વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીએ સંભાળ્યુ હતુ.

## શહેરના મુખ્ય માર્ગ પર તાજાં લીલાં શાકભાજીનું આગમન



ગાંધીનગર તા.૦૯

શિયાળાની મસ્ત મજાની ઠંડી ઠંડી ઋતુ જામી છે, શિયાળો એટલે સ્વાસ્થ્યનો ખજાનો કહેવાય છે કેમકે આ ઋતુમાં તાજાં લીલાં શાકભાજી ખૂબ મોટા પ્રમાણમાં પાકે છે અને આ તાજાં લીલાં શાકભાજી શરીરને પ્રોટીન, વિટામીન, આયર્ન સહિતના અનેક જરૂરી તત્વો ભરપુર પ્રમાણમાં સહજતાથી મળી રહે છે. શિયાળામાં માનવીની ભૂખ પણ સારી ઉઘડે છે. શિયાળાના તાજાં લીલાં શાકભાજી આરોગીને માનવી પોતાના સ્વાસ્થ્યને ચુસ્ત, દુરસ્ત, તંદુરસ્ત રાખી શકે છે. ગાંધીનગર એક એવું શહેર છે જ્યાં પ્રકૃતિએ નયનરમ્ય વનરાજી આપી છે તેજ રીતે ગાંધીનગર જિલ્લો એવો જિલ્લો છે જ્યાં શાકભાજીનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે તેથી અહીં શિયાળામાં તાજાં લીલાં શાકભાજી મબલખ પ્રમાણમાં મળી રહે છે. શહેરમાં આમ તો મોટા મોટા શાક માર્કેટ છે પરંતુ શાકભાજીના એક વેપારીએ તો તાજાં લીલાં શાકભાજી શહેરના મુખ્ય માર્ગ પર જ આકર્ષક રીતે ખડકીને ગ્રાહકોને આકર્ષવા પ્રયાસ કર્યો છે જે માર્ગ પર આવતાં જતાં વાહનચાલકોનું ધ્યાન ખેંચવામાં મહદઅંશે સફળ રહેતો જણાઈ રહ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧